NAVGUJARAT SAMAY
18 FEB 2015

# આઈનોક્સ વિન્ડે ગુજરાત સરકાર સાથે ₹4,500 કરોડનો કરાર કર્યો

નવગુજરાત સમય > અમદાવાદ

આઈનોક્સ વિન્ડે ગુજરાતમાં વિન્ડ ટર્બાઇન ઉત્પાદન સુવિધાના સંકલિત સંકુલોની સ્થાપના માટે ગુજરાત સરકાર સાથે રૂ. ૪,૫૦૦ કરોડના પ્રિલિમનરી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ગુજરાતના રાજકોટ, અમરેલી અને કચ્છ - ત્રણ જિલ્લામાં આગામી બે વર્ષ દરમિયાન આ સમજૂતી કરારનો અમલ કરાશે.

“આઈનોક્સ વિન્ડે ગુજરાતમાં આશરે ૭૦૦ મેગાવોટની ક્ષમતા સ્થાપવા માટે રૂ. ૪,૫૦૦ કરોડના મૂડીરોકાણ માટે ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર કર્યાં છે,” એમ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ કંપની ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં ૧,૨૫૮ મેગાવોટની ઓર્ડર બુક ધરાવે છે. કંપનીના ગ્રાહકોમાં ગ્રીન ઇન્ફ્રા, કોન્ટિનમ વિન્ડ એનર્જી, તાતા પાવર રિન્યૂએબલ એનર્જી, વેલસ્પન એનર્જી, ભીલવાડા એનર્જી, રિન્યૂ પાવર વેન્ચર્સ, હીરો ફ્યુચર એનર્જીઝ તથા CESCની પેટાકંપનીનો સમાવેશ થાય છે.

આઈનોક્સના પ્રોજેક્ટ્સનો ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ્યમાં અમલ થવા જઈ રહ્યો છે. આઈનોક્સ વિન્ડ મધઅય પ્રદેશમાં સમગ્ર વિશ્વમાં કોઈ એક જ સ્થળે આવેલી સૌથી વિશાળ સંકલિત વિન્ડ ટર્બાઇન ઉત્પાદન સુવિધા સંકુલની પણ સ્થાપના કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં આ કંપનીની કામગીરીમાંથી થતી આવક રૂ. ૧,૫૫૬.૮૧ કરોડ નોંધાઈ હતી, જે નાણાકીય ૨૦૧૦-૧૧ની તુલનાએ ૧૭૬.૪૩ ટકાનો સીએજીઆર દર્શાવે છે. કંપનીએ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ પૂરા થયેલા નવ મહિનાના સમયગાળા માટે કામગીરીમાંથી થતી આવક રૂ. ૧૭૭૯.૮૯ કરોડ તથા ચોખ્ખી આવક રૂ. ૧૭૮.૫૪ કરોડ નોંધાવી છે.

કંપની ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં ૧,૨૫૮ મેગાવોટની ઓર્ડર બુક ધરાવે છે

પ્રોજેક્ટ્સનો ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ્યમાં અમલ થશે

